# ૨૭ મું જ્ઞાનસત્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત

ગુજરાતી સાહિત્ય પરિષદ ધ્વારા ૨૭ મું જ્ઞાનસત્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ના યજમાનપદે સુરતમાં તારીખ ૨૧–૨૨–૨૩ ડિસેમ્બર ૨૦૧૨માં યોજાનાર હોઈ હું તેમાં ભાગ લેવા માટે સવારે ઘરેથી વહેલો આણંદ રેલવે સ્ટેશનેથી કર્ણાવતી એકસપ્રેસમાં બેસી સુરત જવા નીકળ્યો.નસીબજોગ રેલવેમાં જગા મલી તેમજ હળવો નાસ્તો પણ પ્રાપ્ત થયો.રેલવેમાં મુસાફરી કરતા વાણીયા પરીવારની વાતોમાં સુરત કયારે આવ્યું તે ખબર ન પડી.સુરત રેલવે સ્ટેશને ઉતર્યા બાદ અમો એમ.એ.માં સહાધ્યાયી મિત્ર તરીકે રહી ચુકેલા દિલીપભાઈ કે જેઓ સુરતમાં પોલીસ તરીકે નોકરી કરે છે તેમની મુલાકાત કરતાં પહેલા પોલીસ સ્ટેશને હનુમાન દાદા નાં દર્શન કરી દિલીપભાઈની ચા પી હું વીટકોસની બસમાં બેસી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તરફ પ્રયાણ કર્યુ.સુરતથી દૂર આવેલ યુનિવર્સિટીમાં પહોંચી રજિસ્ટેશન કરાવી આપેલ અગ્રસેનઉતારે પહોંચી બેગ મુકી ફરી યુનિ.ના કન્વેન્શન હોલની પ્રથમ ઉદઘાટન બેઠકમાં સામેલ થયા.નર્મદના જય જય ગરવી ગુજરાત ગીતથી બેઠકનો પ્રારંભ થયો.દીપ પ્રાગટય અશોક વાજપેયીએ કર્યુ.દીપ પ્રાગટય પછી વાઈસ ચાન્સેલર ડો. દક્ષેશ ઠાકરે શબ્દના વાહકો અને ચાહકોનું સ્વાગત કર્યુ.તેમજ ૨૭ મું જ્ઞાનસત્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માટે ઓચ્છવ હોવાની વાત પણ તેમણે રજુ કરી.તાપી દક્ષિણ તટ....સ્મરણિકાનું વિમોચન ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ વર્ષાબેન અડાલજાને હસ્તે તેમજ ડો. દક્ષેશ ઠાકરના શિક્ષક ઉડ્ડયન પુસ્તકનું વિમોચન અશોક વાજપેયીના હસ્તે કરવામાં આવ્યુ.ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ રાજેન્દ પટેલે વાંચતા કહયું હતું કે પરિષદના ગ્રંથાલય અંતગર્ત ૬૧ હજાર પુસ્તકોની એક સૂચિ ઈન્ટરનેટ પર ઉપલબ્ધ કરવામાં આવી છે.હિન્દી સાહિત્યના પ્રસિધ્ધ કવિ અને વિવેચક શ્રી અશોક વાજપેયીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે ભાષા અત્યારે કપરા સંકટમાંથી પસાર થઈ રહી છે.તેમણે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાતી સાહિત્ય સિવાય દેશની એવી કોઈ ભાષા પરિષદો નથી જેને જ્ઞાનસત્ર નામ આપવામાં આવ્યું હોય.સાહિત્યકાર રઘુવીર ચૌધરીએ વર્ષા અડાલજા અને તેમના સર્જનનો પરીચય રોમેન્ટિક અંદાજમાં કરાવ્યો હતો.ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી વર્ષા અડાલજાએ સુરત સાથેના તેમના ભૂતકાળના સંસ્મરણો તાજા કર્યા હતા.તેમણે જણાવ્યું કે સુરત મને ગમતું અને હોંશિલું શહેર છે.અમારા નાટકનો પહેલો શો સુરતમાં થતો,સુરતીઓ નાટક વખાણે તો માની લેવાતું કે નાટક સુપરહિટ જશે.પ્રથમવાર અમદાવાદના આજોલમાં જ્ઞાનસત્રમાં પારિતોષિક માટે આમંત્રણ આવ્યું હતું.તેમાં જતી હતી ત્યારે બસમાં ઉમાશંકર જોશી સાથે પ્રત્યક્ષ મુલાકાત થયેલી.તેમણે મને કહેલા શબ્દો આજે પણ યાદ છે તેમણે કહયું હતું કે ' આચાર્યની દીકરી તો સાહિત્યના આંગણે જ હોય ને તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદને પોતાનું પિયર ગણાવ્યું હતું.કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે જાણીત ફિલ્મ દિગ્દર્શક ગોવિંદ સરૈયાએ કહયું હતું કે હું ૨૫૦ રુપિયા લઈને નડિયાદથી મુંબઈ ગયો હતો.સરસ્વતીચંદ્ર નવલકથાએ મને ઓળખ આપી તે માટે હું ગોવર્ધનરામ ત્રિપાઠીનો આજીવનભર ઋણી રહીશ.એ ઋણને અદા કરવા માટે જ સરસ્વતીચંદ નવલકથાનો એ જાદુ, એ જ આનંદ પહોંચાડવા માટે તેઓ હાલમાં સરસ્વતીચંદ્ર નવલકથાને સિરિયલરુપે રજુ કરવાના છે.સાથોસાથ ગાંધીજીના જીવન પર આધારિત ફિલ્મનું પણ તેઓ નિર્માણ કરી રહયા હોવાનું જણાવ્યું હતું.શ્રી ભગવતીકુમાર શર્માએ જ્ઞાનસત્ર ગામડામાં યોજાય છે

તે મુજબ આ યુનિવર્સિટી વેસુ ગામની ભુમિ પર નિર્માણ થયેલી હોઈ અહીં ૨૭ મું જ્ઞાનસત્ર યોજાઈ રહયું છે તેનો મને આનંદ છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી ભવન માટે બે કરોડનું દાન આપનારા ભરથાણાના ડી.આર.બી.પરિવારના હિતેશ પટેલને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ વર્ષા અડાલજાએ સાલ ઓઢાડી તેમજ સ્મૃતિ ચિન્હ આપી સન્માનીત કર્યા હતા.ગુજરાતી સાહિત્ય અકાદમીના ગાંધીનગરના મહામાત્ર કવિશ્રી હર્ષદ ત્રિવેદીએ રૂ. ત્રણ લાખનો ચેક યુનિ.ના કુલપતિ શ્રી દક્ષેશ ઠાકરને આપ્યો હતો.ઉદઘાટન બેઠક બાદ અમો સહુ ભોજન તરફ રવાના થયા.સુરતી ભોજન માણ્યા બાદ ફરી બીજી બેઠક સર્જકનું પુનઃમૂલ્યાંકનમાં ઉપસ્થિત થયા.જેના અધ્યક્ષ રવીન્દ્ર પારેખ હતા.જે બેઠકનું સંચાલન નીતિન વડગામા કરતા હતા. સર્જકનું પુનઃમૂલ્યાંકનમાં જયંત પાઠકની કવિતા વિશે તેમના જ શિષ્ય અને મારા ગુરુ સતીશ વ્યાસે વાત કરતાં કહયું કે તેઓના હાથે અમારે કવિતા ભણવાનું આવ્યું  નહતું.જુદી જુદી કવિતાઓની વાત કરી તેમની કવિતા વિશે વાત કરી હતી.મણિલાલ હ. પટેલે જયંત પાઠકના સર્જનાત્મક ગધ વિશે વનાંચલ કૃતિની વાત મુકી કરી હતી.તેમણે જણાવ્યું કે જયંત પાઠકને વન વગડાનો કણ કણ વ્હાલો લાગતો હતો.જયંત પાઠકના શિષ્ય  વિજય શાસ્ત્રીએ તેમના જ ગુરુના વિવેચન વિશે વાત કરી હતી.સાંજનું સુરતી વાળુ કર્યા બાદ ફરી ત્રીજી પારિતોષિક વિતરણ બેઠકમાં ઉપસ્થિત થયા.જેનું સંચાલન પ્રફુલ્લ રાવલે કર્યુ.૨૦૧૦ – ૨૦૧૧ પારિતોષિક પુરસ્કૃત લેખકોનું સન્માન ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ વર્ષા અડાલજાને હસ્તે કરવામાં આવ્યું.ત્યાર બાદ ચોથી બેઠકમાં પન્નાલાલની નવલકથા મળેલા જીવનું વાચિકમ યોજવામાં આવ્યું.જેનું સંકલન અને નિદર્શન પરેશ નાયકે કર્યુ હતું.સહયોગ પન્નાલાલ પટેલની પુત્રવધુ દષ્ટિ પટેલે આપ્યો હતો.કાનજી પટેલના પાત્રનું વાચિકમ ભરત ઠકકરે કર્યુ હતું. કાર્યક્રમ પૂર્ણ થતાં જ લોકોના હદયમાંથી વાહ વાહ ના ઉદગારો સરી પડયા હતા.ચોથી બેઠકની પૂર્ણાહુતી થતાં અમો સહુ અમારા ઉતારે અગ્રસેન પહોંચી નિદ્રાદેવીને શરણે સુઈ ગયા.સવારે વહેલા ઉઠી ફરી પાછા યુનિ.ના કન્વેન્શન હોલ તરફ પ્રયાણ કર્યુ.ઉતારેથી યુનિ.ના કન્વેન્શન હોલ તરફ જવા માટે ગાડીની વ્યવસ્થા હોવા છતાં બગસરાના મહેતા ભાવિકનો સાથ મલતાં અમો ચાલતા ચાલતા પગપાળે યુનિ. પહોંચી ચા પાણી કર્યા બાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં  આયોજીત જ્ઞાનસત્રનાં પુસ્તકમેળામાં જઈ પુસ્તકોને નિહાળ્યા.પુસ્તકોને હુ જયારે નિહાળતો હતો ત્યારે વલસાડ બાજુનો એક વિધાર્થીએ પુછયું કે સ્વામી સચ્ચિદાનંદના પુસ્તકો અહીં નથી.મે પુછયું કે તે કયા કયા પુસ્તકો સચ્ચિદાનંદના વાંચેલ છે તેણે મારા અનુભવો પુસ્તકની વાત કરી.ચાર વાર આત્મકથા વાંચવા છતાં ધરાવો થતો નથી.તેમ તેણે જણાવ્યું.આથી મે તેણે સ્વામી સચ્ચિદાનંદની ગુરુ નહિ માર્ગદર્શક પુસ્તક સપ્રેમ ભેટ આપી ૨૨–૧૨–૨૦૧૨ શનીવારની પાંચમી બેઠક સને ૨૦૧૦–૨૦૧૧ ના બે વર્ષના સાહિત્યનું સરવૈયું માં ઉપસ્થિત થયો.જેના અધ્યક્ષ દીપક મહેતા હતા.બેઠકનું સંચાલન કીર્તિદા શાહે કર્યુ.કવિતા વિશે સરવૈયું કાઠતાં અજયસિંહ ચૌહાણે કહયું હતું કે છેલ્લા બે વર્ષમાં ૬૦ થી વધારે કાવ્યસંગ્રહો લખાયા છે.જેમાં પ્રકૃતિ,ધર્મ,ચેતના અને સાંપ્રત સમસ્યાને સ્થાન મળ્યું છે.નાટક વિશે શૈલેષ ટેવાણીએ ચિનું મોદી,સતીષ વ્યાસ,હસમુખ બારાડીના નાટકોની વાત કરી સરવૈયું કાઠયું હતું.જયારે પારુલ દેસાઈએ વિવેચનનું સરવૈયું કાઠતા કહયું હતું કે બે વર્ષમાં કવિતા વિષયક વિવેચન વધારે થયું છે.સંધ્યા ભટ્ટે ચરિત્ર સાહિત્ય વિશે વાત કરતાં કહયું કે ચરિત્ર સાહિત્યમાં સત્યનાં પ્રયોગો શ્રેષ્ઠતમ છે.છેલ્લા બે વર્ષમાં આ ક્ષેત્રમાં ૪૦ થી વધારે પુસ્તકો લખાયા છે.રુપા શેઠે અનુવાદિત પુસ્તકોનું

સરવૈયું કાઢયું હતું.પાંચમી બેઠક પૂર્ણ થતાં બપોરનું સુરતી ભોજન લઈ થોડોક આરામ કરી ફરી પાછા છટ્ટી બેઠક સાહિત્યના સરવૈયામાં ઉપસ્થિત થયા.જેના અધ્યક્ષ કિરીટ દૂધાતની અનુપસ્થિતિમાં જે જવાબદારી દીપક મહેતાએ નિભાવી.બેઠકનું સંચાલન જનક નાયકે કર્યુ.ટૂંકી વાર્તા વિશે ભીલોડા કોલેજના પ્રાધ્યાપક કનુ ખડદિયાએ, ૨૦૧૦ ની નવલકથા વિશે દીપક પટેલે ૨૫ નવલકથાઓના ઉપક્રમે સરવૈયું કાઢયું હતું. ૨૦૧૧ ની નવલકથા વિશે ઉમિયા આટર્સ કોલેજના પ્રાધ્યાપક અજય રાવલે વાત કરી નવલકથાનું સરવૈયું કાઢવાનો પ્રયાસ કર્યો હતો.યશોધર રાવલે છેલ્લા બે વર્ષનાં નિબંધનું સરવૈયું કાઢતાં પ્રવીણ દરજી, રામચંદ્ર પટેલ,ભગીરથ બ્રહમભટ્ટ,રતિલાલ અનિલનાં નિબંધોની વાત કરી હતી.તેમણે નિર્મિષ ઠાકરના નિબંધોમાંથી હાસ્ય નીપજે છે જે વાત કરી હતી.બોટાદની કોલેજમાં પ્રાધ્યાપિકા તરીકે ફરજ બજાવતા રાજેશ્વરીએ ૧૨૫ ગ્રંથો ધ્વારા સંશોધન સંપાદનનું સરવૈયું કાઢયું હતું.બાળ સાહિત્યનું સરવૈયું વિરંચિ ત્રિવેદીએ કાઢયું હતું.સાંજે શનીવાર હોઈ જમવાનું ન હોઈ બધાને આરોગતા નિહાળી મન તૃપ્ત થયું.ફરી સાતમી બેઠક જે યજમાન સંસ્થા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં કૃષ્ણ નૃત્ય નાટિકા નિહાળી.આ બેઠકમાં નિવૃત પોલીસ સ્ટ્રાફ ધ્વારા યુનિ.ના કુલપતિ ડો. દક્ષેશ ઠાકરનું બુધ્ધની મૂર્તિ આપી સન્માન  કરવામાં આવ્યું.ફરી પાછા સાંજે નિદ્રાદેવીને શરણે સુઈ ગયા.ફરી ૨૩–૧૨–૨૦૧૨સોમવારની સવારે તૈયાર થઈ ભાવિકના સંગાથે પગપાળા યુનિ.ના કન્વેન્શન હોલે પહોંચી હળવો નાસ્તો કરી સમકાલીન નવલકથાની આઠમી બેઠકમાં ઉપસ્થિત થયા. જે બેઠકના અધ્યક્ષ ઈલા આરબ મહેતા હતા.બેઠકના સંચાલનની જવાબદારી યોગેષ જોષીની અનુપસ્થિતિમાં કીર્તિદા શાહે સંભાળી.સમકાલીન સામગ્રીલક્ષી નવલકથાની વાત ભરત મહેતાએ અને સ્વરુપલક્ષી સમકાલીન નવલકથાની વાત ગુણવંત વ્યાસે કરી.સમકાલીન નવલકથાના ભાષાકર્મની વાત યોગેન્દ્ર વ્યાસની અનુપસ્થિતિમાં મનસુખ સલ્લાએ કરી.નવમી બેઠક દક્ષિણ ગુજરાતની લોકકથાના અધ્યક્ષ ભગવાનદાસ પટેલ હતા.બેઠકનું સંચાલન દક્ષા વ્યાસે કર્યુ.જયનંદ જોષીએ લોકકથાના સ્વરુપની વાત કરી.બોરડોલી કોલેજના પ્રાધ્યાપક વિક્રમ ચૌધરીએ ઘોડિયા અને ચૌધરી લોકકથાઓની વાત પ્રોજેકટ ધ્વારા નાનકડા પરદા પર કરી.બેંકમાં નોકરી કરતા ડાહયાભાઈ વાઢુએ કંકુણા લોકકથાઓની વાત કરી.ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રની અંતિમ દશમી સમાપન બેઠકમાં ભાગ્યેશ જહા ઉપસ્થિત રહયા હતા.તેમણે સ્વરચિત સંસ્કૃત કાવ્ય ધ્વારા ભાવકોને રસતરબોળ કર્યા હતા.શુભાશિષ રઘુવીર ચૌધરીએ પાઠવી હતી.ભગવતીકુમાર શર્માએ ડો.દક્ષેશ ઠાકરને સકસેશ ઠાકર કહી નવાજયા હતા.આભારદર્શન યજમાન સંસ્થા વતી ડો.દક્ષેશ ઠાકરે અને ગુજરાતી સાહિત્ય પરિષદ વતી  રાજેન્દ્ર પટેલે કર્યુ.ત્રિદિવસીય જ્ઞાનસત્ર પૂર્ણ થતાં અમો છેલ્લું સુરતી ભોજન લઈ અગ્રસેન ઉતારે પહોંચી બેગ લઈ રીક્ષામાં બેસી સુરત રેલવે બસ સ્ટેન્ડ તરફ પ્રયાણ કર્યુ.મિત્ર દિલીપને આવજો કહેવા પોલીસ સ્ટેશને ગયો પણ ન હોઈ રેલવે સ્ટેશને જઈ આણંદની ટીકીટ લઈ ટ્રેનમાં બેસી આણંદ આવ્યો.ત્યાંથી રીક્ષામાં બેસી મારા ઘરે સાંજે ૧૦ કલાકે વિધાનગરે પહોંચ્યો.દીકરી રાધા સુઈ ગઈ હતી.એક જ વાતનું દુ:ખ હતું કે રાધા માટે કઈ લાવી શકાયું નહી.દુ:ખ કરતાં જ્ઞાનસત્રમાં ભાગ લેવાનો તેમજ બધી જ બેઠકોમાં હાજર રહયાનો આનંદ વિશેષ જણાતો હતો.

નરેશકુમાર ગાંડાલાલ દરજી (આચાર્ય)
નાપા હાઈસ્કુલ તા.બોરસદ,જિલ્લો આણંદ